# 4. ભૂલી ગયા પછી

## સ્વાધ્યાય

1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(✓)ની નિશાની કરો:

1) મનીષા દેસાઈએ સુરતી કુટુંબને કોના હુમલામાંથી બચાવેલું?

(A) રીંછ

(B) વાઘ

(C) દીપડા

(D) જંગલી ભૂંડ

2) નરેને કઈ તાલીમ મેળવી હતી?

(A) ઘોડેસવારીની

(B) વન સંરક્ષણની

(C) પોલીસની

(D) પર્વતારોહણની

2. એક વાક્યમાં ઉત્તર આપો:

1) રીંછ માણસને જોઈને શું કરે છે?

- રીંછ માણસને જોઈને ઝનૂનથી પ્રતિકાર કરે છે.

2) નરેન લગ્નનાં માગાં પાછાં શા માટે ઠેલતો હતો ?

- નરેન, મનીષા દેસાઈ નામની કન્યા પર કવિતાઓ લખતો હતો. મનીષાના પિતાજી વિરાટભાઈએ તેમના લગ્નની ના પાડી હતી. નરેન મનીષાને પ્રેમ કરતો હોવાથી હવે તે લગ્નનાં બધાં માગાં પાછાં ઠેલતો હતો.

## 3. બે-ત્રણ વાક્યમાં ઉત્તર આપો.

### 1) નરેન જે મનીષાને ઓળખતો હતો તે મનીષા કેવી હતી?

- નરેન જે મનીષાને ઓળખતો હતો તે મનીષા નમણી અને નાજુક હતી. તે સુકુમાર તો હતી જ, ડરપોક પણ હતી. તે ગરોળીથી પણ ડરતી હતી.

### 2) વિરાટભાઈએ મનીષા અને નરેનની સગાઈની ના પાડી, કારણ કે...

- વિરાટભાઈને ખબર હતી કે તેની દીકરી મનીષા સુકુમાર છે અને ડરપોક પણ છે. એક ગરોળી પણ નહિ પકડી શકે. જો તે લગ્ન બાદ પોતાના પતિ એવા આબુના ફોરેસ્ટ ઑફિસર નરેન સાથે જંગલ વિસ્તારમાં આવેલા નિવાસસ્થાને રહેવા જશે અને ત્યાં કોઈ સિંહની એકાદ ત્રાડ સાંભળીને જ તે મરી જશે અને નરેનને વિધુરનું જીવન જીવવું પડશે એવું વિરાટભાઈને લાગતું. આથી તેમણે મનીષા અને નરેનની સગાઈની ના પાડી.

## 4. સાત–આઠ લીટીમાં ઉત્તર લખો:

### 1) મનીષાનું પાત્રચિત્રણ 'ભૂલી ગયા પછી' કૃતિને આધારે કરો.

- 'ભૂલી ગયા પછી' એકાંકીમાં એક શિકારી પિતા વિરાટભાઈની પુત્રી મનીષા દેસાઈ નામની એક યુવતીનું પ્રેરણાત્મક આલેખન થયું છે. મનીષા નરેનના પ્રેમમાં છે, પણ તેના પિતા મનીષાની ક્ષમતા જાણતા ન હોવાથી તેમની મંજૂરી મળી નહિ અને તેઓ બંને લગ્ન કરી શક્યાં નહિ. જો કે, તેમનો પ્રેમ જળવાઈ રહ્યો. એક વખત આબુ ઉપર પર્વતારોહણ કરવા ગયા ત્યારે મનીષાએ એક સુરતી કુટુંબને રીંછના પંજામાંથી છોડાવ્યું. "એક નાજુક અને નમણી કન્યા ખડતલ અને નિર્ભય ન થઈ શકે?" એ વિષય પર મનીષાએ એક દિવસ ભાષણ આપેલું અને એની વિગત છાપામાં એના ફોટા સાથે છપાઈ હતી. આ હકીકતથી અજાણ નરેનને તેની ખબર પડી ત્યારે તેણે "તું તો સાહસમાં મારાથી પણ આગળ નીકળી ગઈ. નિર્ભય થતાં જ તું પ્રેમસ્વરૂપ બની ગઈ, આત્મસ્વરૂપ બની ગઈ..." એવા શબ્દોથી મનીષાને બિરદાવી. મનીષાના પિતાને જાણ થતાં તેઓ પણ આનંદવિભોર થઈ ગયા. તેને ઊંચકીને તેમણે સમગ્ર પ્રેક્ષકો સમક્ષ ભાષણ કર્યું. "તે મારા કરતાં પણ ચડિયાતી છે; કારણ કે તે મારી દીકરી છે." એમ કહીને તેના પિતાએ મનીષાના પરાક્રમનું ગૌરવ કર્યું. સૌને મીઠાઈ ખવડાવી. તેમણે મનીષા અને નરેનને "તમારા ભવિષ્યમાં પ્રેમશૌર્ય અંકિત ધ્વજ ફરકાવો!" એવા આશીર્વાદ આપ્યા. અંતમાં મનીષા અને નરેનના સાચા પ્રેમનો વિજય થયો.